સરગાસણમાં યુવાનની હત્યા પ્રકરણમાં પુરાવાનો નાશ કરનારની ધરપકડ

ગોહીલ ફાર્મમાં ચોકીદાર તરીકે કામ કરતા છોટુની હત્યા ફાર્મમાં જ થઈ હતી : ગાડી લઈને જે બિલ્ડર સિવિલ હોસ્પિટલ મૃતદેહ મુકી ગયો હતો તે જ હત્યારો હોવાની શંકા

ગાંધીનગર, તા.૨૮

સરગાસણ ચોકડી પાસેથી એક અજાણ્યા યુવાનની હત્યા થયેલી હાલતમાં લાશ મળતા એક કારમાં રમેશ પાડલીયા નામનો વ્યકિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયો હતો. પોલીસે આ હત્યા કેસની ઊંડી પાસ કરતાં ગાડીમાં લાશ લાવનાર વ્યકિત રમેશ પાડલીયાએ નામ ખોટું લખાવ્યું હોવાનું બહાર આવ્યું છે. બિલ્ડર હેમરાજ પાડલીયા હત્યા થયેલી બોડી લઈને સિવિલ હોસ્પિટલ ગયો હતો. અને મૃત્યુ પામનાર છોટુ ઉર્ફે છોટીયો તેના ફાર્મહાઉસનો ચોકીદાર હતો. બિલ્ડર અત્યારે ભુગર્ભમાં જતો રહ્યો છે. આ તમામ પાસાઓથી હત્યાની શંકા બિલ્ડર પર પ્રબળ બની છે. સે-૭ પોલીસે તે દિશામાં સઘન તપાસ શરુ કરી છે. હત્યા થયા બાદ પુરાવાનો નાશ કરનાર બિલ્ડરનો ડ્રાઈવર પોલીસના સકંજામાં આવી ગયો છે. ડ્રાઈવરની ધરપકડ કરીને ઊંડી તપાસ શરુ કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ સિવિલ હોસ્પિટલમાં રમેશ પાડલીયા નામની વ્યકિત ગાડીમાં યુવાનનો મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગઈ હતી. તે વ્યકિતએ રસ્તામાં મૃતદેહ જોયો હોવાથી માનવતાની દૃષ્ટિએ સિવિલ પહોંચાડયો હતો પોતે મૃતકને જાણતો પણ નથી તેવી પોલીસ સમક્ષ કેફીયત આપી હતી. પોલીસે તેની પાસેથી સ્થળ જાણવા પ્રયત્નો કર્યા તો જગ્યા સરગાસણ ચોકડી જ બતાવાઈ રહી હતી. જો કે ત્યાં કોઈ જ નિશાન કે લોહીના ડાઘ સુધ્ધાં ન દેખાતા પોલીસને શંકા ગઈ હતી પોલીસે આસપાસના વિસ્તારોમાં તપાસ કરી ત્યારે સરગાસણ નજીક આવેલા ગોહીલ ફાર્મમાં તેની હત્યા થઈ હોવાનું ખુલ્યું હતું. તે જગ્યા પર માટી નાંખી દેવાયેલી હતી અને હથિયારો ધોવાયેલા હતાં. આ ફાર્મ હાઉસ હેમરાજ પાડલીયાનું હોવાનું તપાસમાં ખુલ્યું છે. અને પોલીસને રમેશ પાડલીયા નામ જણાવનાર વ્યકિત જ બિલ્ડર હેમરાજ પાડલિયા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ચોંકાવનારી વિગત એ ખુલી છે કે મરણ જનાર યુવાન છોટુ ઉર્ફે છોટીયો ભાવનગરમાં કડંકટર તરીકે કામ કરતો હતો અને હાલ આ બિલ્ડરના ફાર્મમાં જ ચોકીદાર તરીકે કામ કરતો હતો. બિલ્ડર આટલી હદે જુઠ્ઠુ બોલીને પોલીસને ગેરમાર્ગે કેમ દોરી ગયો તે પ્રશ્ન હજુ પણ પોલીસને મુંઝવી રહ્યો છે. આ તમામ પાસાઓને લઈને બિલ્ડરે જ તેના ચોકીદારની હત્યા કરી હોવાની આશંકા સેવાઈ રહી છે. પોલીસને શંકા ગયાથી જ બિલ્ડર પણ ભુગર્ભમાં ચાલ્યો ગયો છે. તેથી આશંકા પણ પ્રબળ બની છે. બિલ્ડરના ડ્રાઈવરે પુરાવાનો નાશ કર્યો હોવાથી ડ્રાઈવર ભરત ગણપત શર્મા રહે. ઘાટલોડીયાની ધરપકડ કરી ઉંડી તપાસ શરુ કરી છે. ડ્રાઈવર સામે અગાઉ પણ મારા મારી સહિતના ગુનાઓ નોંધાયેલા હોવાથી પોલીસ સમક્ષ ઘટના કહેતો નથી. રીમાન્ડ મેળવવા તજવીજ શરુ કરવામાં આવી છે. પોલીસનું કહેવું છે કે હત્યા કરનાર વ્યકિતઓમાં એક કે તેથી વધુ વ્યકિતઓ હોવા જોઈએ કેમ કે શરીર પરનાંઘા નાંનિશાન અલગ અલગ હથિયારો વડે થયા હોવાનું જણાઈ રહ્યું છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને ગરમ વસ્ત્રો અપાયા

સે-૨૦ની સરકારી પ્રાથમિક શાળામાં સ્ટેટ બેંકના સહકારથી પાંચ સીલીંગ ફેન પણ આપ્યા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ગરીબ જરૂરીયાતમંદ બાળકોને સુખ સુવિધા પૂરી પાડવાના હેતુસર સે-૨૦ની પ્રાથમિક શાળામાં સીલીંગ ફેન તેમજ શિયાળાની કાતિલ ઠંડીમાં હૂંફ આપવાના પ્રયાસરૂપે ગરમ કપડાંનું વિતરણ કરાયું હતું.

આજે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખાના ચીફ મેનેજર પ્રવિણ કારીયાની ઉપસ્થિતિમાં બેંક દ્વારા શાળામાં પાંચ સીલીંગ ફેન આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત વસાહત મંડળ દ્વારા શાળાના તમામ બાળકોને ગરમ કપડાંનુ વિતરણ કરાયું હતું. આ સેવા યજ્ઞમાં મહામંડળના મંત્રી સુધીર દેસાઈ, સેવા મંત્રી કિશોર જીકાદરા તેમજ કાર્યકર ધીરુભાઈ નિસરના દ્વારા શાળાના આચાર્યા કૈલાસબેન ગામીતી તથા કર્મચારીગણના સહકારથી ગરમ વસ્ત્રોનું વિતરણ કર્યુ હતું.

આજે દલિત નવલકથા 'વજ્ર પ્રહાર' વિશે ડૉ. ડી. એમ. ભદ્રેસરિયાનું વકતવ્ય

ગાંધીનગર, ત.૨૮

દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા કાન્તિલાલ પરમાર લિખિત દલિત નવલકથા 'વજ્ર પ્રહાર' વિશે આવતીકાલે સેકટર-૧૨ ખાતેના ડૉ. આંબેડકર ભવનમાં ડૉ. ડી.એમ. ભદ્રેસરિયાનું વકતવ્ય આયોજિત કરાયું છે. આ કાર્યક્રમનો સમય સાંજે ૫ થી ૮ વાગ્યાનો રાખવામાં આવેલ છે. આ વકતવ્યનો લાભ લેવા તમામ સાહિત્યપ્રેમી જનતાને આમંત્રણ આપવામાં આવેલ છે.

ન્યુ યર પાર્ટી માટે લઈ જવાતી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

ગાંધીનગર, તા.૨૮

પશ્ચિમી સંસ્કૃતિની દવા આપણા દેશમાં આવી ગઈ છે ત્યારે વિદેશોમાં૩૧મી ડિસેમ્બરની રાત્રે યોજવામાં આવતી પાર્ટીઓ આપણા દેશમાં પણ ફુલી અને ફાલી છે. પાર્ટીઓમાં રંગ જમાવવા માટે યુવાધન નશીલા દ્રવ્યોના સેવનના સથવારે જીવવા લાગ્યો છે ત્યારે રાજસ્થાનથી લાવવામાં આવતો ૬૮,૩૧,૮૨૫ રૂ.ના વિદેશી દારુ ભરેલી ટ્રક સહિત ગાંધીનગર આર.આર. સેલ. દ્વારા પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર રાજયમાં ૩૧ ડીસેમ્બર દરમિયાન આંતર રાજયમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારુ ગુજરાતમાં ઘુસાડવામાં આવે છે. ત્યારે હિંમતનગર ગાંભોઈ રોડ ઉપર ગાંધીનગર રેન્જના પી.એસ.આઈ. એલ.પી. બોડાણા સહિત સ્ટાફના જવાનોએ પેટ્રોલીંગ દરમિયાન ૬૮,૩૧,૮૨૫ રૂ. વિદેશી દારુ ભરેલ ટ્રક સહિત ઝડપી પાડી છે.

હિંમતનગર ગાંભોઈ હાઈવે પર આવેલી જોગણીયા દાલબાટી હોટલ આગળ ટ્રક નં. આર.જે. ૦૯ જી.બી. ૩૮૭૧ ની તપાસ કરતા અલગ અલગ બ્રાન્ડની ૯૧૦૯૧ દારુની બોટલ ઝડપી ૬૮,૩૧,૮૨૫ રૂ. કિંમતનો વિદેશી દારુ ટ્રક સહિત ઝડપી પાડયો છે.

ટ્રક સાથે ડ્રાયવર નારણજી કાળુલાલ રાવત (મીણા) રહે., સગવડીયા તા. લીંબાડા જી. ચિતોડગઢ અને નારણજી પુરણમલ રાવત (મીણા) રહે. પીરાણા, દોલપુર તા. ડુંગરા જી. ચિતોડગઢ રાજસ્થાનને પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાત સ્ટેટ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપમાં રાજયભરમાંથી ૪૬૦ ખેલાડીઓ ભાગ લેશે

ગાંધીનગર, તા.૨૮

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા વાડોકાઈ કરાટે-ડો એકેડમી, ગુજરાતનાં સહયોગથી ગાંધીનગરમાં રાજય કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પોટર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં મલ્ટી પરપઝ હોલમાં ૨૯મી ડિસેમ્બરના રવિવારે સવારે ૧૦-૪૦ થી સાંજે ૬.૩૦ સુધી ચાલનારી આ સ્પર્ધામાં ૧૦ જિલ્લાનાં ૪૬૦ જેટલા ખેલાડીઓ ભાગ લેશે.

સવારે યોજાનાર ઉદઘાટન સમારોહનાં મુખ્ય અતિથિ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડનાં સચિવશ્રી અનિલભાઈ પટેલ રહેશે. રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પ્રમુખશ્રી પી.એચ. ગોહિલ, પૂર્વ પ્રમુખો શ્રી યુવરાજસિંહ વાઘેલા, શ્રીમતી અમીબહેન શાહ સહિત રોટેરીયન ડૉ. અંકુર પરમાર પણ ઉપસ્થિત રહેનાર છે. વાડોકાઈ કરાટે-ડો એકેડમીનાં ટેકનિકલ ડાયરેકટર ઓ'સેનસાઈશ્રી અરવિંદભાઈ રાણાએ સ્પર્ધાવિશે વધુ માહિતી આપણાં જણાવ્યું છે કે ગુજરાતનાં વિવિધ જિલ્લાઓમાંથી ૫૦થી વધુ બ્લેક બેલ્ટ નિષ્ણાતો ઉપસ્થિત રહીને સમગ્ર સ્પર્ધાનું સંચાલન કરનાર છે. આયોજન સમિતિનાં ચેરમેન તરીકે સેનસાઈશ્રી ગૌરાંગભાઈ રાણા તથા સેક્રેટરી તરીકે આણંદનાં સેનસાઈ શ્રી જિગ્નેશભાઈ ઠકકર સેવાઓ પ્રદાન કરનાર છે.

આ સ્પર્ધાનો સમાપન સમરોહ સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન યોજાશે. સમાપન સમારોહ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગૃહ વિભાગનાં અધિક મુખ્ય સચિવ ડૉ. એસ.કે. નંદા ખાસ ઉપસ્થિત રહેનાર છે. જયારે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોનાં અધિક નિયામક ડૉ. શમશેર સિંહ, ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ, સ્પોટર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં રીજીયોનલ ડાયરેકટર શ્રી આર.કે. નાયડુ સહિત વાડોકાઈ કરાટે એસો.નાં સંરક્ષક તથા ગુજરાત રાજયનાં પૂર્વ ડી.જી.પી. શ્રી પી.કે. બંસલ અને વાડોકાઈ કરાટે એસોસીએશનનાં ચેરમેન શિહાન રાજેશ અગ્રવાલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેનાર છે. સમાપન સમારોહ પ્રસંગે રસ ધરાવતા નગરજનોને રોમાંચક ફાઈનલ ફાઈટસ તથા નિષ્ણાતો દ્વારા કરવામાં આવનાર નિદર્શન નિહાળવા ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાના પુન્દ્રાસણ ગામની સરકારી પ્રાથમિક શાળામાં સુરક્ષા સેતુ પ્રોજેકટ અંતર્ગત પેથાપુર પોલીસ મથકના પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાએ વીઝીટ લીધી હતી અને વિદ્યાર્થીઓને પોલીસની કામગીરીથી વાકેફ કર્યા હતાં.

તારાપુર પાસે કારની અડફેટે ૧૨ વર્ષનાં કિશોરનું મૃત્યુ

મોડી સાંજે અલ્ટો ગાડી સાથે અકસ્માત સર્જાયો હતો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીકનાં તારાપુર ગામના ૧૨ વર્ષના કિશોરને એક અલ્ટો ગાડીએ અડફેટે લઈ લેતા ગંભીર રીતે ઘવાયો હતો. કિશોરને ગાંધીનગરની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જયાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને આ બનાવની ઉંડી તપાસ શરુ કરી છે.

તારાપુર ગામમાં રહેતા ગોપાલભાઈ જેઠાભાઈ ઠાકોરે સે-૭ પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદ મુજબ તેમના નાના ભાઈનાં દિકરા રોનકજી હરેશજી ઠાકોર ઉ.વ.૧૨ને તારાપુર બળીયાદેવ મંદિર પાસેના માર્ગ પર અલ્ટો ગાડીએ ટકકર મારી હતી. ભત્રીજા રોનકને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જયાં રાત્રે સારવાર દરમિયાન કશોરનું મૃત્યુ નિપજયું હતું. ગોપાલજીની ફરિયાદને આધારે સે-૭ પોલીસે કાર ચાલક સામે ગુનો દાખલ કરીને કિશોરના મૃતદેહને પી.એમ. કરાવી સઘન તપાસ શરુ કરી છે.

વણકર ભવન માટે સમાજ ઘંટનાદ અને કેન્ડલ લાઈટ કાર્યક્રમ યોજશે

વણકર સમાજ દ્વારા વણકર ભવન માટે રાહત દરે જમીન મેળવવા સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે આંદોલન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે વણકર સમાજ વિવિધ કાર્યક્રમ યોજશે. વણખર સમાજ દ્વારા વણકર ભવન માટે રાહત દરે જમીન મેળવવા આંદોલન છેડયું છે ત્યારે વણકર સમાજ આગામી દિવસોમાં જલદ કાર્યક્રમ યોજશે. જેના ભાગરૂપે તા. ૨૯ અને ૩૦ ડિસેમ્બર સાંજે ૬.૩૦ કલાકે અનુક્રમે થાળી અને ચમચી થી ઘંટનાદનો અને કેન્ડલ લાઈટ કાર્યક્રમ સત્યાગ્રહ છાવણી સે-૬ ખાતે યોજવામાં આવશે.

આજે સાંજે પંચદેવ મંદિરે ભજન સંધ્યાનું આયોજન

ગાંધીનગરના સેકટર-૨૨માં આવેલ પંચદેવ મંદિરના સત્સંગ હોલમાં આવતી કાલે સંગીતાચાર્ય લોકસંત દેવેન્દ્રવિજયજી મહારાજની પૂણ્યતિથી (માગશર વદ અગિયારસ) નિમિત્તે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. આ ભજન સંધ્યા ડૉ. કેદારભાઈ ઉપાધ્યાયના કંઠે રજૂ થનાર છે. જેમાં તમામ ધર્મપ્રેમી ભાવિકજનોને લાભ લેવા આમંત્રણ અપાયું છે. ભજન સંધ્યાનો સમય સાંજે ૬ થી ૮ વાગ્યાનો રહેશે.

બી.પી. કોલેજ ઓફ બિઝનેશ ખાતે આઈના-૨૦૧૩ કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા.૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન ખાતે તાજેતરમાં આયના ૨૦૧૩ કાર્યક્રમ યોજાઈ ગયો હતો.

આયના-૧૩ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં રંગોલી, મહેંદી, સોલો સોંગ, ડયુએટ સોંગ, ગ્રુપ ડાન્સ સ્પર્ધામાં આર.જી. પટેલ, એસ.બી. પટેલ કન્યા વિદ્યાલયની ૬૧ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં મહેંદી સ્પર્ધામાં મિલી, સિસોદિયા, ફેઈસ પેઈન્ટીંગમાં ઉર્મિલા ઝાલા, ટ્રેઝર હન્ટમાં મયુરી પટેલ, અનામીકા શર્મા, તોરલ શેખાવત અને શીઘ્ર વકતૃત્વ સ્પર્ધામાં રુત્વી વ્યાસ વિજેતા થયા હતા.

વિજેતા વિદ્યાર્થીઓને તન્ના સાહેબ અને સુધાબેનના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં કમલેશભાઈ શર્મા, મયંકભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

પ્રાંતિયા ખાતે શિયાળામાં ઠંડીથી રણક્ષ આપતું અનેક ગુણકારી મધમાખીનું શુધ્ધ મધ મેળવવાનું મધમાધી ઉછેર કેન્દ્રનો અનોખો પ્રયોગ

ચિલોડા, તા.૨૮

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ખાતે ચિલોડા-નરોડા હાઈવે માર્ગ

નજીક એક ફાર્મહાઉસમાં મધમાખી ઉછેર કેન્દ્ર દ્વારા અસલ કુદરતી મધ મેળવવાનો અનોખી ખેતીનો પ્રયોગ હાથ ધરાતાં સૌનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ઠંડીની મોસમ ખીલી ઉઠતાં ઠંડીથી બચવા શિયાળુ શકિતવર્ધક મધમાખી શુધ્ધ મધ અનેક ગુણોનો ભંડાર ગણી શકાય છે. મધમાખી ઉછેર કેન્દ્રની મુલાકાત દ્વારા મધમાખી ઉછેર દ્વારા મધ બનાવવાની પ્રક્રિયાની વિશેષ જાણકારી મળી શકે છે.

લાકડાની બનાવેલી અસંખ્ય પેટીઓમાં મધના પુળાની ગોઠવણી અને મધમાખી આજુબાજુ ખેતરોમાં લહેરાતા ખેતીપાકોના ફૂલો, છોડ પરથી ફૂલનો રસ લાવી સિંચન કરે છે. દરેક પેટીમાં દશ મેડા હોય છે. જેમાં પેટીની બાજુમાં નાનું છિદ્ર વાટે મધમાખી અવરજવર કરતી હોય છે. શુધ્ધ મધનું સિંચન કરે છે. ત્યારબાદ અમુક દિવસ બાદ મધ એકત્રીત કરવામાં આવે છે. શુધ્ધ તાજુ મધના અનેક ગુણો અને ફાયદા છે.

- બાળકની યાદ શકિતમાં વધારો થાય છે.
- નાના બાળકોને મધ અને દહીં આપવાથી બાળકના મગજમાં ઠંડક કરે છે.
- મધ આપવાથી બાળકને દાંત આવવામાં કોઈ જાતની તકલીફ પડતી નથી.
- બાળકની તંદુરસ્તીમાં વિકાસ થાય છે. બાળકમાં ખોડ-ખાંપણ આવતી નથી.
- ડીલીવરી સમયે પ્રથમ માસથી સાંજે મધ દૂધ સાથે લેવાથી સ્ત્રીનું શરીર તંદુરસ્ત રહે છે.
- મધનું સેવન કરવાથી મોઢા ઉપરના ખીલ બંધ થાય છે ખીલના ડાઘા ચોખ્ખા થાય છે.
- શરીરનું વજન અને પેટ ઘટાડવામાં દિવસમાં બે વાર ભુખ્યા પેટે

૫૦ ગ્રામ મધ બે ગ્લાસ પાણી (ગરમ) બનાવીને પીવાથી શરીરનું વજન ઘટે છે.

- મધ ખાવાથી દારુ બંધ થાય છે.
- મધ ખાવાથી શરીરમાં કળતર-ઉધરસની બિમારી દૂર થાય છે.
- ડાયાબિટીસના દર્દીઓ મધ ખાઈ શકે છે.
- શરીરમાં અનેક જાતના દુઃખાવા જેવા કે પેટમાં ગેસ, હાડકા, ઢીંચણ, માથાના દુખાવામાં અનેક રાહત આપે છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૫
સૂર્યાસ્ત : ૬.૧૫

તાપમાન

મહત્તમ : ૨૬.૬ ડિ.સે.
લઘુત્તમ : ૦૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૪૮ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫, ૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૦, ૫.૨૫, ૯.૧૦
મહાભારત (એનીમેટેડ) : ૧.૪૦
: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૨૫, ૧૦.૫૫
મહાભારત (એનીમેટેડ) : ૭.૧૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

મિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- ઢોડિયા સમાજ વેલફેર એસોસીએશનગાંધીનગર દ્વારા સવારે ૯.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ.

ટાઉન હોલ

- પ્રજાપતિ સમાજ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૨.૦૦ કલાકે.
- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા નાટક 'મન મળે ત્યાં મેળો' રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યોનો યોગ. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

વૃષભ : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

મિથુન : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

કર્ક : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

સિંહ : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. વિવાદોથી બચવું. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

તુલા : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડી શકે છે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે.

વૃશ્ચિક : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. વાદ- વિવાદથી દૂર રહેવું.

ધન : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

મકર : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

કુંભ : વ્યાપાર વિસ્તૃત થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. કોઈ વરિષ્ઠ વ્યકિતઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

મીન : મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહેવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

ચિરવિદાય

- સ્વ. નાથાભાઈ ધનાભાઈ ચૌહાણ (ઉ.વ. ૬૫) સેકટર-૩૦ના કાચા છાપરાં, ગાંધીનગર.
- સ્વ. રમેશભાઈ કરશનભાઈ પટેલ (ઉ.વ. ૩૭) મુ. માણેકપુર, તા.માણસા, જિ.ગાંધીનગર
- સ્વ. લાલાભાઈ રેવાભાઈ રાઠોડ (ઉ.વ. ૭૫) મુ.ગીયોડ, તા.જિ. ગાંધીનગર.